ગુજરાતમિત્ર

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ

મંગળવાર ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪

નર્મદા જિલ્લાના સાગબારાથી બરાબર ૧૯ કિ.મી. દૂર અને વેપારીમથક સેલંબાથી ૭ કિ.મી. દૂર આવેલું નાનકડું ગામ એટલે ખોચરપાડા. આ ગામ આજે ૧૦૦ ટકા આદિવાસી વસતી ધરાવે છે. આજે શિક્ષણ અને વ્યવસાયનું પ્રમાણ વધતાં રોજગારીમાં પણ પરિવર્તન આવ્યું છે. આ જ ગામના ડેન્ટલ સર્જન ભલે ભરૂચ નગરમાં રહેતા હોય, પણ આજે માદરે વતન માટે સેવાભાવના રાખે છે. ખોચરપાડાની નારીઓ પણ ઘર સંભાળવાની સાથે સાથે સિવણ ક્લાસની તાલીમ લઈ બે પૈસાની આવક કમાતી થઇ છે. ખોચરપાડા ગામના લોકો મહેનતું, કંઈ કરવાની ધગશને કારણે ગામનો વિકાસ થયો છે. ગામમાં શિક્ષિત લોકો હોવા છતાં સરકારી નોકરીનો અભાવ છે. છતાં સંઘર્ષમાં પણ સ્થાનિક લોકો અડીખમ છે. ખોચરપાડા ગામનું નામ કઈ રીતે પડ્યું એ માટે પણ લોકવાયકા છે. સાગબારાના દેશી રજવાડાએ તેમના વિશ્વાસુ દુમાલદાર (કોઠારી)ને આ જગ્યા રહેવા માટે આપી હતી. તેઓને આ જગ્યા માટે ખાસ (વિસ્તાર) 'પાળા' તરીકે આપી હતી. જે સમયાંતરે નામમાં અપભ્રંશ થતા ખાસની જગ્યાએ ખોચર થતાં જ ગામનું નામ આખરે 'ખોચરપાડા' પડ્યું હતું. ભૂતકાળમાં સાગબારામાં સાતપુડા તળેટીમાં ઘટાદાર જંગલો હતાં. એ વખતે ખોચરપાડાના લોકો કરંજનાં બી, ટીમરૂનાં પાન, સાગનાં બી, મહુડાનાં ફૂલ અને ખાખરાનાં પાન જેવી ગૌણ પેદાશો એકત્ર કરી વેચીને ગુજરાન ચલાવતા હતા. જો કે, દિન પ્રતિદિન જંગલો ઓછાં થતાં વનપેદાશનું કામ બંધ થઇ ગયું છે. હવે લોકો બીજા વ્યવસાયમાં કામે લાગ્યા છે. ખોચરપાડા લોકો મુખ્યત્વે ખેતી, નોકરી, ખેતમજૂરી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલો છે. આ ગામમાં લગભગ ૨૮ જેટલી વિધવા બહેનો છે, જેમાં થોડાને છોડતા તમામ વિધવાને મહિના દીઠ રૂ.૧૨૫૦ પેન્શન મળે છે.



ટાઉન ટોક

**સાગબારાથી બરાબર ૧૯ કિ.મી. અને વેપારીમથક સેલંબાથી ૭ કિ.મી. દૂર આવેલું નાનકડું ગામ એટલે**

# ખોચરપાડા







## રળિયામણી જગ્યાએ જઈ શુદ્ધ સાત્વિક ભોજન કરવાની અનોખી પરંપરા

સાતપુડા તળેટીમાં રહેતાં બાળકોમાં વિચક્ષણ ક્ષમતા પાવરફૂલ છે. બાળકોને શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લે તો તરત જ તેમની પ્રશ્નોતરી આવતી હોય છે. બાળકોમાં પ્રશ્ન નાનો હોય પણ જવાબ દરેકે મોટા આપવા પડતા હોય છે. જો કે સચોટ ઉત્તર મળે તો જ બાળકોને સંતોષ થતો હોય છે. અહીંની પ્રાથમિક શાળાનાં બાળકોને વનભોજન માટે રળિયામણી જગ્યાએ લઈ જઈ શુદ્ધ સાત્વિક ભાવતું ભોજન કરાવવું એ પરંપરા છે. એ સાથે એ જગ્યાએ સ્થાનિક લોકોની રહેણીકરણી, આચરણ અને વ્યવહાર બાળકોને શીખવા મળે છે. વનભોજન એ આનંદ સાથે ઝીણવટભરી વિગતો જાણવાનો પ્રયાસ છે. હાલ ઉત્તરાયણમાં તમામ બાળકોને પતંગ આપી ઉજવણી કરવામાં આવી હતી. રંગબેરંગી પતંગ માસૂમ બાળકોના હાથમાં આવતાં ઉડાડવાની મોજ માણી હતી. આ ભાવપૂર્ણ સંબંધ બાંધવાનો અતૂટ નાતો છે. ખોચરપાડા ગામમાં અંગ્રેજી ભાષામાં બાળક ભણે એવી પેરેન્ટ્સને ખેવના હોય છે. જેને લઈને અંગ્રેજી વિષય તરફ ધ્યાન અપાયું છે. ગામનાં બાળકોને અંગ્રેજીમાં કોઈ ખર્ચ ન કરાવવા માટે ખુદ ખોચરપાડા પ્રાથમિક શાળાના સ્ટાફે પાયાથી જ અંગ્રેજી ભાષાનો બેઝિક અભાસ શરૂ કરાવ્યો છે. જેને લઈ આખું ગામ શિક્ષણની આ મેથડથી ખુશ છે. શિક્ષણ પોતાના ગામમાં મળે એ માટે માતાપિતાને રાહત થઈ જાય છે. ગામની બહાર જઈને બાળક ભણે તો માતા-પિતાને પણ ચિંતા વધુ રહે છે.

**ભૂતકાળમાં ઘટાદાર જંગલોને લઈને ખોચરપાડાના લોકો કરંજનાં બી, ટીમરૂનાં પાન, સાગનાં બી, મહુડાનાં ફૂલ અને ખાખરાનાં પાન જેવી ગૌણ પેદાશો એકત્ર કરી વેચીને ગુજરાન ચલાવતા હતા, આજે જંગલો ઓછાં થતાં આ કામ બંધ કરી બીજા વ્યવસાય સાથે જોડાઈ ગયા**





## સૌમ્ય અને સરળ સ્વભાવના રાવજીભાઈ વસાવા

ખોચરવાડા ગામના લોકો મહેનતું. કોઈ કામમાં પાછળ નહીં. એમાંના એક સૌમ્ય અને સરળ સ્વભાવના રાવજીભાઈ. જેઓ ડો.વરૂણભાઈના પિતા છે. રાવજીભાઈ ગોલીયાભાઈ વસાવા રીટાયર્ડ LICના બ્રાંચ મેનેજર અને માતા ભાવનાબેન વસાવા ગૃહિણી છે. તેમના પિતાએ શિક્ષણકાળમાં ગરીબાઈમાં ઘણો સંઘર્ષ કર્યો હતો. એ વખતે સાગબારાની જે.કે.હાઈસ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ લીધું અને રાજેન્દ્ર હાઈસ્કૂલ રાજપીપળામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવ્યું. રાજપીપળા ખાતે રત્નસિંહ મહિડા કોમર્સ કોલેજમાં અભ્યાસ કર્યો હતો. મૂળ તો સ્વ.રત્નસિંહ મહિડાએ તેમની હયાતીમાં રાવજીભાઈ વસાવાના ઘરની પરિસ્થિતિ નબળી હોવા છતાં પણ અભ્યાસ કરવાની પ્રતિભા જોતાં તેમને ઘણી મદદ કરી હતી. કોલેજકાળ બાદ LIC OF INDIAની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા. ત્યારબાદ છેવાડાના ખોચરપાડા ગામના જિલ્લા કક્ષાએ અધિકારી તરીકે નિમાયા. તેમના જીવનકાળમાં ઘણા સંઘર્ષ બાદ પોતે જેમ ગરીબાઈના સંઘર્ષો જોયા એ નવી પેઢીને ન જોવા મળે એ માટે મદદરૂપ થવા આગળ રહેતા હતા. સાથે જ રાવજીભાઈ વસાવા પોતાના બે દીકરાને શિક્ષણક્ષેત્રે એક વરૂણભાઈને ડોક્ટર અને બીજા દીકરા જતીન કોઠારી (પ્રોજેક્ટ મેનેજર GFL કંપની, હાલોલ)ને એન્જિનિયર બનાવ્યા હતા.

## શિક્ષણ મેળવ્યા બાદ પણ સંઘર્ષ કર્યો, પણ કિરણભાઈ વસાવા હિંમત ન હાર્યા

ખોચરપાડા ગામે રહેતા અને શિક્ષિત છતાં બેરોજગાર એવા યુવાનો માટે કોઈ પણ કામ હોય ખોચરપાડાના ૪૨ વર્ષીય કિરણભાઈ ગુરૂજીભાઈ વસાવા મદદ માટે તૈયાર રહે છે. તેમણે BA, PTC, કોપાનો અભ્યાસ કર્યો છે. કિરણભાઈ પોતે હળવી વાતમાં કહે છે કે, હું શિક્ષિત ખરો પણ હું બેરોજગાર છું! કિરણભાઈએ જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો અને આજે પણ કરી રહ્યા છે. કિરણભાઈનો જન્મ વાલિયાના ગુંદિયા ગામે થયો હતો. ધો.૧થી ૯ સુધીનો અભ્યાસ માદરે વતન ગુંદિયામાં કર્યો. ધો.૧૦થી ૧૨ સુધી સેલંબા હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. એ વખતે પ્રાથમિક શિક્ષકનો ભારે ક્રેઝ હતો. આથી કિરણભાઈ વસાવાએ PTCના અભ્યાસ માટે સતત ચાર વર્ષ ફોર્મ ભર્યું. પણ સફળ ન રહેતાં પાંચમા વર્ષે નર્વસ થઈ ફોર્મ ભર્યું ન હતું. અને ગ્રેજ્યુએટનું શિક્ષણ લીધું. ફરીવાર છઠ્ઠી વખત ફોર્મ ભરતાં વર્ષ-૨૦૦૭-૦૮માં રાજકોટ PTC કોલેજમાં એડમિશન મળી ગયું હતું. કોલેજ પૂર્ણ કરતાં નર્મદા જિલ્લામાં પ્રાથમિક શિક્ષક નોકરી માટે ફોર્મ ભર્યું પણ કમનસીબે માંડ ૧ માર્ક માટે તેમનો મેળ પડ્યો ન હતો. બાદ પ્રાથમિક શિક્ષકમાં ટેટ આવી ગઈ હતી. ગુંદિયાથી વાલિયા ITIમાં જવું હોય તો સુવિધા નહીં, એટલે કપચીની ટ્રકમાં બેસી કિરણભાઈએ કોમ્પ્યુટર પ્રોગ્રામ (કોપા)નો અભ્યાસ કર્યો હતો. એ જ વર્ષે સાગબારા ITIમાં ગેસ્ટ ફેકલ્ટી તરીકે ચાર વર્ષ નોકરી મળી ગઈ. જેને લઈ બીજા વર્ષે તેમણે ગુંદિયા છોડીને ખોચરપાડામાં રહેણાક મકાન બનાવી દીધું. સાથે ખોચરપાડામાં નાનકડી દુકાન પણ ચાલે છે. મૂળ તો શિક્ષણનો જીવ હોવાથી પાટ આશ્રમશાળામાં વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવાસી શિક્ષક તરીકે નોકરી કરી હતી. થોડો સમય પેટ્રોલપંપમાં નોકરી બાદ આખરે તેમના મિત્ર અનિલ વસાવાને ઈન્ડિયન ઓઈલ ગેસની એજન્સી સાગબારા તાલુકામાં મળતાં કિરણભાઈ તેમની સાથે જોડાઈ ગયા. કિરણભાઈ ખોચરપાડા ગામમાં આજે પણ ઉજ્જવલ્લા કનેક્શન માટે કોઈ લાભાર્થીને જરૂર પડે ત્યારે હરહંમેશ આપી દે છે.



## અનવરભાઈ વસાવા સેવાભાવી કાર્ય માટે તત્પર



MA, BPADનો અભ્યાસ કરનાર ખોચરપાડા ગામના ૪૫ વર્ષીય અનવરભાઈ લાલજીભાઈ વસાવા મળવા જેવા માણસ છે. ભલે શિક્ષણ લીધું પણ જ્ઞાનની ગંગા બાળકો સુધી પહોચાડી ન શક્યાનું દુઃખ છે. છતાં પણ ખોચરપાડા ગામ માટે દિવસ-રાત સારા કામ કરવાની તમન્ના રાખે છે. પ્રાથમિક શાળા માદરે વતન ખોચરપાડામાં લીધું. સેલંબા સ્કૂલમાં પણ ભણ્યા. ત્યારબાદ ગુંદીયા ગામે માધ્યમિક શાળામાં અભ્યાસ કર્યો હતો. કોલેજકાળમાં MA સુધીનો રાજપીપળા એમ.આર.આર્ટસમાં અભ્યાસ કર્યો હતો. બાદ BPADએ મહારાષ્ટ્રમાં અભ્યાસ કરી છ વર્ષ સુધી થવા ગામે નોકરી કરી હતી. ખોચરપાડા ગામે પોતાની અને બીજાની પિયત ખેતી કરી રહ્યા છે. ખેતીમાં કપાસ, મકાઈ, તલ, ડાંગર, તુવેર, ઘઉ, સોયાબીન પાક લે છે. અનવરભાઈની ખાસિયત એ છે કે, ગામમાં સુખ-દુઃખના સહભાગી બનવા માટે તેઓ અગ્રેસર રહે છે. અનવરભાઈ કહે છે કે, અમારા ગામમાં કોઈને તકલીફ ન પડે એ માટે અમે હાજર હોઈએ છીએ.